# સંશોધન નિયામકશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ ૧૧૦ ૩૮૮ -

ડૉ. કે.બી.કથીરીયા

સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન નંબર: ૦૨૬૯૨ - ૨૬૩૬૦૦

ઇ: મેઇલ- dr@aau.in


## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સંશોધન કાર્ય સાથે સંકળાયેલ સર્વે વૈજ્ઞાનિકશ્રીઓ / અધિકારીશ્રીઓને જણાવવાનું કે આગામી એગ્રેસ્કો સબ કમીટીના રીપોર્ટ જે તે કમીટીની બેઠકના એક અઠવાડીયા પહેલા તૈયાર કરી દરેક સભ્યશ્રીઓને તેમજ નીચે સહી કરનારને મળે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. એગ્રેસ્કો સબ કમીટીની બેઠકોમાં જયારે કોઇ નવા ટેકનિકલ પ્રોગ્રામ, ભલામણ કે પાકની નવી જાતની રીલીઝ પ્રપોઝલ રજુ કરવામાં આવે છે ત્યારે તેમાં ઘણી વિગતો અધુરી હોય છે જેને પરિણામે એગ્રેસ્કો મીટીંગ દરમ્યાન બિન-જરૂરી ચર્ચા થતી હોય છે અને રજુઆતમાં ખોટો સમય વેડફાય છે. તેથી સબંધિત વૈજ્ઞાનિકોને તાકીદ કરવામાં આવે છે કે આગામી એગ્રેસ્કો સબ કમીટીમાં આ બાબતે પુરતી ચકાસણી કરી જે તે યુનિટ કક્ષાએ સબંધિત સીનીયર અધિકારીશ્રીઓ તેમજ ભલામણ સાથે સંકળાયેલ અન્ય અધિકારી / વૈજ્ઞાનિકો સાથે પરામર્શ કરી ત્યાર પછી જ એગ્રેસ્કો સબ કમીટીમાં રજુ કરવાના રહેશે. આ ઉપરાંત જે ભલામણો કરવામાં આવે તેનો યોગ્ય ફોટોગ્રાફ અને જેની સાથે સરખામણી કરવામાં આવેલ હોય (અંકુશ માવજત) અને ભલામણ કરવાની થતી માવજત સાથેના ફોટોગ્રાફ ફરજીયાત રજૂ કરવાના રહેશે. નવી ભલામણો તેમજ નવા ટેકનિકલ પ્રોગ્રામમાં આંકડાશાસ્ત્રીનો અભિપ્રાય મેળવી એગ્રેસ્કો સબ કમીટીમાં રજૂ કરવાના રહેશે. એગ્રેસ્કો સબ કમીટીમાં જયારે કોઇ નવા ટેકનીકલ પ્રોગ્રામ, ભલામણ કે નવી વેરાયટીની રીલીઝ પ્રપોઝલની ચર્ચા ચાલતી હોય છે ત્યારે સબ સેન્ટરના અધિકારીઓ / વૈજ્ઞાનિકો સમયસર હાજર રહે અને ચર્ચામાં સક્રિયપણે ભાગ લે તેની કાળજી એગ્રેસ્કો સબ કમીટીના સબંધિત કન્વીનરે રાખવાની રહેશે. એગ્રેસ્કો સબ-કમીટીના કોઇપણ સભ્ય નીચે સહી કરનારની પૂર્વ મંજુરી વિના ગેરહાજર રહી શકશે નહિ.

વધુમાં જણાવવાનું કે પેટા કેન્દ્રો ખાતે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ કે જે એગ્રેસ્કો મીટીંગમાં હાજર રહેવાના છે તેઓએ રાત્રિના જે તે સેન્ટર પર પરત ન જતા આણંદ ખાતે ફરજીયાત રાત્રિ-રોકાણ કરવાનું રહેશે.

જા.નં. આકૃયુ / સંશો / ટી-૩ / ૯૩૫૨ /૨૦૧૬

તા. :૧૩ .૦૧.૨૦૧૬

(સહી)

સંશોધન નિયામક અને

અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ રવાના :**

૧. માનનીય કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ.

૨. આકૃયુ, આણંદના સર્વે યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઉપરોકત બાબતે યોગ્ય થવા માટે.

૩. કન્વીનરશ્રી સબંધિત એગ્રસ્કો-સબકમીટી તરફ જાણ માટે તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.